# પ્રકરણ – ૧

# પ્રસ્તાવના

૧.૧ આ પુસ્તિકા (માહિતી અધિકાર અધિનિયમ, ૨૦૦૫) ની પાર્શ્વભૂમિ અંગે જાણકારી.

કેન્દ્ર સરકાર શ્રી ધ્વારા પ્રત્યેક જાહેર સત્તા મંડળના કામકાજમાં પારદર્શકતા આવી શકે અને સત્તા મંડળમાં કામ કરતી પ્રત્યેક વ્યકિત જવાબદાર હોય અને તે જવાબદારી યોગ્ય રીતે નિભાવી શકે તે માટે નાગરિકો માહિતી મેળવી શકે તે હેતુથી વર્ષ–૨૦૦૫માં માહિતી સ્વાતંત્ર્ય અધિનિયમ ઘડેલ હતો. જેમાં જરુરી ફેરફાર સાથે વર્ષ–૨૦૦૫ માં કેન્દ્ર સરકારશ્રીએ માહિતીના અધિકાર બાબતનો અધિનિયમ ઘડેલ છે. લોકશાહીમાં નાગરિકોને માહિતગાર રાખવા, ભ્રષ્ટ્રાચારને નિયંત્રણમાં રાખવા અને જે નાગરિકો માહિતી મેળવવા માંગતા હોય તેઓને કાયદામાં દર્શાવેલ અપવાદ સિવાયની વિગતો મળી શકે તે હેતુથી આ કાયદાની રચના કરવામાં આવેલ છે.

૧.૨ આ પુસ્તિકાનો ઉદ્દેશ / હેતુ

સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી ધ્વારા હાથ ધરવામાં આવતી પુનઃવસનની કામગીરી અંગે માહિતી મળી શકે તે આ પુસ્તિકાનો ઉદ્દેશ છે.

૧.૩ આ પુસ્તિકા કઈ વ્યકિતઓ / સંસ્થાઓ / સંગઠનો વિગેરેને ઉપયોગી છે ?

આ પુસ્તિકા પુનઃવસનની કામગીરી સાથે સંકળાયેલ અસરગ્રસ્તો, કર્મચારીઓ / અધિકારીઓ / અન્ય વિભાગો, જાહેર સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, અન્ય રાજય સરકારો તેમજ પુનઃવસનની કામગીરીમાં જેઓને રસ છે તેઓ તમામને ઉપયોગી છે.

૧.૪ આ પુસ્તિકામાં આપેલી માહિતીનું માળખું

આ પુસ્તિકામાં નીચે મુજબની માહિતીનો સમાવેશ પ્રકરણવાર કરેલ છે.

1. સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીનું વ્યવસ્થા તંત્ર, કાર્યો અને ફરજો અંગેની માહીતી.
2. સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીના અધિકારીઓ અને કર્મચારીઓની સત્તા અને ફરજો.
3. સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીના નિર્ણય અંગેની પ્રક્રિયામાં નિરીક્ષણ અને જવાબદારીની ચેનલ સહિત અનુસરવામાં આવતી પધ્ધતિ.
4. સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીના વ્યવહારુ અમલીકરણ માટે નકકી કરવામાં આવેલ ધોરણો.
5. સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીના કાર્યોની અમલવારી માટે કર્મચારીઓ ધ્વારા ઉપયોગમાં લેવાના નીતિ નિયમો, સુચનાઓ, મેન્યુઅલ અને દફતર અંગેની માહિતી.
6. સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીના નિયંત્રણમાં કે તેના ધ્વારા કરવામાં આવેલ કક્ષાની વિગતો.

7. સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીની નીતિ કે અમલીકરણની રચના સબંધમાં જાહેર જનતાના સભ્યો ધ્વારા પરામર્શ કે પ્રતિનિધિત્વના સબંધમાં જે વ્યવસ્થા હયાત હોય તે અંગેની માહિતી.
8. નિગમો, સમિતિ અને અન્ય સંસ્થાઓ કે જે બે કે બેથી વધુ વ્યકિતઓની બનેલી હોય તેના ધ્વારા કરવામાં આવેલ સલાહ સૂચનો.
9. સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીના અધિકારીઓ અને કર્મચારીગણ અંગેની માહિતી.
10. સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીના દરેક અધિકારી અને કર્મચારી ધ્વારા મેળવાતા માસિક વેતન અને તેના નિયમોમાં પ્રાવધાન કરેલ વળતર પ્રથા અંગેની માહિતી.
11. સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સીની દરેક સંસ્થાઓને ફાળવવામાં આવેલ અંદાજની માહિતી કે જેમાં તમામ આયોજનો, દરખાસ્તીત ખર્ચ અને વિતરણ સબંધી અહેવાલ અંગેની જાણકારી હોય.
12. સબસીડી કાર્યક્રમો, ફાળવવામાં આવેલ રકમ અને આવા કાર્યક્રમોના લાભકર્તાઓની વિગતો સાથેના અમલીકરણની વિગત.
13. સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી ધ્વારા માન્ય કરવામાં આવેલ કોઈપણ રાહત, પરવાનો કે અધિકૃતિકરણની માહિતી.
14. સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી ધ્વારા ઈલેકટ્રોનીક પધ્ધતિએ એકત્રિત કરેલ અને ઉપલબ્ધ માહિતી.
15. નાગરિકોને માહિતી મેળવવા માટે પુસ્તકાલય કે વાંચનાલય જો જાહેર ઉપયોગ માટે ચલાવાતું હોય તો તેના કામના કલાકો સહિતની ઉપલબ્ધ સુવિધાઓ અંગેની માહિતીઓ.
16. જાહેર માહિતી અધિકારીના નામ, હોદ્દા અને અન્ય બાબતો સબંધિત માહિતી.

૧.૫ વ્યાખ્યાઓ

નર્મદા જળ વિવાદ પંચના ચૂકાદા અને ગુજરાતની પુનઃવસનની નીતિમાં તેમજ અત્રેને લાગુ પડતા રાજય સરકાર અને કેન્દ્ર સરકારના કાયદાઓમાં જે વ્યાખ્યાઓ આપવામાં આવેલ છે તે વ્યાખ્યાઓ ધ્યાને લેવા વિનંતી છે.

૧.૬ કોઈ વ્યકિત આ પુસ્તિકામાં આવરી લેવાયેલ વિષયો અંગે વધુ માહિતી મેળવવા માગે તો તે માટેની સંપર્ક વ્યકિત.

સરદાર સરોવર પુનઃવસવાટ એજન્સી ધ્વારા જાહેર કરવામાં આવેલ માહિતી અધિકારીશ્રીઓ અને મદદનીશ માહિતી અધિકારીશ્રીઓની યાદી આ પુસ્તિકામાં સામેલ છે. તેઓનો સંપર્ક કરી શકાય છે.

૧.૭ આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહિતી મેળવવા માટેની કાર્યપધ્ધતિ અને ફી.

માહિતી આપવાના અધિકાર અન્વયે નકકી કરવામાં આવેલ ફી અને નિયત કરવામાં આવેલ ફોર્મમાં અરજી કરવાથી માહિતી નિયમોનુસાર આપી શકાશે.

# SARDAR SAROVAR PUNARVASVAT AGENCY, VADODARA

